# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું , કુશળ માનવ સંશાધનના નિર્માણ માટે 270 વિશ્વ-વિદ્યાલયને ચિપ બનાવવાના સાધન અપાયા.**
2. **સુરેન્દ્રનગરમાં તરણેતરના લોકમેળાનું આજે સમાપન.**
3. **દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં આજે ભારે વરસાદની આગાહી.**
4. **આજે રાષ્ટ્રીય રમતગમત દિવસ – રાજ્યભરમાં ત્રણ દિવસ વિવિધ કાર્યક્રમ યોજાશે.**
5. **અમદાવાદમાં આયોજિત રાષ્ટ્રમંડળ વેઇટલિફ્ટિંગ સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓનું ભવ્ય પ્રદર્શન યથાવત્.**

------------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# GUJARAT ASHWINI VAISHNAV

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને IT મંત્રી અશ્વિની વૈષ્ણવ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ નજીક સાણંદમાં ગઈકાલે CG પાવરના પ્રથમ સેમિકન્ડક્ટર આઉટસૉર્સ્ડ અસેમ્બલી અને ટૅસ્ટિંગ ફેસિલિટીના પાયલટ પ્લાન્ટનો શુભારંભ કરાવ્યો.

આ પ્રસંગે શ્રી વૈષ્ણવે આ પાયલટ પ્રૉજેક્ટને ભારતના સેમિ-કન્ડક્ટર ઉદ્યોગ માટે સીમાચિહ્ન ગણાવ્યો. તેમણે કહ્યું, વર્ષ 2032 સુધી સેમિકન્ડક્ટર ક્ષેત્રે વૈશ્વિક સ્તરે ઊભી થનારી માનવ સંશાધનની જરૂરિયાતને ધ્યાનમાં લઈ ભારત સરકારે કુશળ માનવ સંશાધનના નિર્માણ માટે 270 વિશ્વ-વિદ્યાલયને ચિપ બનાવવાના અત્યાધુનિક સાધન પૂરા પાડ્યા છે.

<u>(બાઈટ અશ્વિની વૈષ્ણવ)</u>

ઉલ્લેખનીય છે કે, સાણંદ G.I.D.C. પરિસરમાં સેમિ ગુજરાત ખાતે બે સુવિધા વિકસાવવા સાત હજાર 600 કરોડ રૂપિયાનું મૂડીરોકાણ થશે. ગઈકાલે શરૂ થયેલી સુવિધામાં દરરોજ વધુમાં વધુ પાંચ લાખ ચિપ પર અસેમ્બલી અને ટૅસ્ટિંગ જેવી કામગીરી કરાશે.

---

# TARNETAR MELO

સુરેન્દ્રનગરમાં યોજાયેલા ભાતીગળ તરણેતરના લોકમેળાનું આજે સમાપન થશે. ત્રણ દિવસ દરમિયાન લાખો લોકોએ મેળાની મજા માણી. તેમજ અનેક કલાકારો અને રમતવીરોને મંચ મળ્યું.

(વૉઈસકાસ્ટઃ દિનેશ પરમાર)

---

## WEATHER FORECAST

હવામાન વિભાગે બીજી સપ્ટેમ્બર સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. આજે સમગ્ર દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની સંભાવના છે.

માછીમારોને પણ પહેલી સપ્ટેમ્બર સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. આ અંગે હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે વધુ માહિતી આપી.

**(BYTE: DR. A. K. DAS)**

---

## RAIN OVERALL

રાજ્યમાં ગઈકાલે અનેક જિલ્લામાં વરસાદ થયાના અહેવાલ છે. ગઈકાલે રાત્રે આઠ વાગ્યા સુધીમાં રાજ્યના 138 તાલુકામાં વરસાદ નોંધાયો. સૌથી વધુ સવા સાત ઇંચ જેટલો વરસાદ સુરતના ઉમરપાડા તાલુકામાં થયાના અહેવાલ છે. જ્યારે સાબરકાંઠાના ઇડરમાં સાડા પાંચ ઇંચ જેટલો વરસાદ થયો. ઉપરાંત દહેગામ, મેઘરજ, ક્વાંટ, દેવગઢબારિયા , વ્યારા, જેતપુરપાવી, અને હિમ્મતનગર તાલુકામાં ત્રણથી ચાર ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે.

સાબરકાંઠા જિલ્લાના ઇડરમાં ભારે વરસાદથી અંડરબ્રિજમાં પાણી ભરાતા ઇડર ધોરીમાર્ગ ગઈકાલે જામ થઈ ગયો હતો.

રાજકોટના ગોંડલ તાલુકા પાસે આવેલું કબીર જળાશય ગઈકાલે 100 ટકા ભરાઈ ગયું છે. તેમાંથી પાણી છોડાય ત્યારે ગોંડલના દૈયા , ચરખડી, કોલીથડ, લુણીવાવ, પડવલા, વેજાગામ, ગરનાળા અને ત્રાકુડા ગામના લોકોએ નદીના પટ અને કાંઠા વિસ્તારમાં અવરજવર ન કરવા લોકોને ચેતવણી અપાઈ છે.

---

## DANG BHEKHAD

ડાંગના સાપુતારા ઘાટમાં ભેખડ ધસી પડવાની ઘટના યથાવત્ છે. અમારાં પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે , એકવાર સફાઈ કર્યા બાદ ઘાટ માર્ગ પર ફરી પર્વત પરથી મોટા પથ્થર ધસી આવ્યા હતા. તેને લઈ સાપુતારા જતા અને આવતા બંને તરફનો વાહન વ્યવહાર બંધ કરવો પડ્યો હતો. પોલીસ અને સંબંધિત અધિકારીઓએ ઘટનાસ્થળે પહોંચી સ્થિતિનો તાગ મેળવ્યો. તેમજ બે મશીન વડે માર્ગ ખૂલ્લો કરવાની કામગીરી શરૂ કરવામાં આવી.

---

## AMUL ELECTION

અમૂલ ડેરીની ચૂંટણીમાં 13 બેઠક પર 55 ઉમેદવારે ઉમેદવારીપત્ર ભર્યા છે. અમૂલ ડેરીના નિયામક મંડળની ચૂંટણી માટે ગઇકાલે છેલ્લા દિવસે મતદાર વિભાગ 1ની 12 બેઠક પર 53 અને મતદાર વિભાગ 2માં આજીવન વ્યક્તિ સભાસદની એક બેઠક પરથી 2 મળીને કુલ 55 ઉમેદવારે ઉમેદવારીપત્ર ભર્યા.

---

## BHAVNAGAR BJP BETHAK

કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાએ ભાવનગરમાં યોજાનારા સાંસદ ખેલ મહોત્સવના આયોજન અંગે ગઈકાલે બેઠક યોજી. બેઠકમાં નગરસેવકો , જનપ્રતિનિધિઓ, વરિષ્ઠ આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

---

## PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પર થી પ્રસારિત થનારા મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 125મી કડી હશે.

લોકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચન મોકલી શકે છે. ઉપરાંત નરેન્દ્ર મોદી એપ અથવા MyGov પોર્ટલ દ્વારા ઓનલાઈન પણ સૂચનો મોકલી શકા શે. સૂચનો મોકલવાનો આજે અંતિમ દિવસ છે.

---

## KUTCH DRUGS

કચ્છમાં સરહદ સુરક્ષા દળ – **BSF**ના જવાનોએ સરહદી ક્રિક વિસ્તારમાંથી કેફી પદાર્થના 20 પેકેટ કબજે કર્યા છે. **BSF**ના જવાનો પેટ્રોલીંગ દરમિયાન તપાસ

કરતા બિનવારસી હાલતમાં આ પેકેટ મળી આવ્યા . તેમ અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે.

---

## NATIONAL SPORTS DAY

દેશભરમાં આજે રાષ્ટ્રીય રમતગમત દિવસની ઉજવણી કરાશે. રમતગમત વિશ્વના દિગ્ગજ મેજર ધ્યાનચંદને શ્રદ્ધાંજલિ આપતા રાજ્ય સહિત સમગ્ર દેશ આ આજથી ત્રણ દિવસ આ રાષ્ટ્રવ્યાપી ઉત્સવની ઉજવણી કરશે.

આ પ્રસંગે રાજ્યભરમાં જિલ્લાકક્ષાના રમતગમત કાર્યક્રમ યોજાશે. તેમજ તમામ પ્રતિસ્પર્ધીઓ 'ફિટ ઇન્ડિયાની પ્રતિજ્ઞા' લેશે. સાથે જ તમામ જિલ્લામાં 'ખેલ મહાકુંભ 2025' માટેની નોંધણીની પણ શરૂઆત થશે.

સાંભળીએ એક અહેવાલ

(વોઇસ કાસ્ટ : મિતલ પટેલ)

*(છેલ્લા બે વર્ષમાં દિવ્યાંગ-પેરા ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય-રાષ્ટ્રીય રમતોમાં 44 સુવર્ણ, 44 રજત અને 52 કાંસ્ય ચંદ્રક મેળવી રાજયનું ગૌરવ વધાર્યું છે. રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં વિવિધ રમતોમાં ભાગ લઈને ચંદ્રક પ્રાપ્ત કરનારા 81 દિવ્યાંગ ખેલાડીઓને 8 કરોડ રૂપિયાથી વધુની રકમ સાથે પુરસ્કૃત કર્યા છે. રાજ્યમાં દિવ્યાંગ ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય કક્ષાનું પેરા હાઈ પરફોમેન્સ સેન્ટર મળી રહે અને રમત ગમત ક્ષેત્રે તેઓ વધુ સારું પ્રદર્શન કરી શકે તે હેતુથી 33 કરોડના ખર્ચે પેરા હાઈ પરફોમેન્સ સેન્ટરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.)*

*મિતલ પટેલ આકાશવાણી સમાચાર અમદાવાદ*

---

# WEIGHTLIFTIN CHAMPIONSHIP

અમદાવાદમાં આયોજિત રાષ્ટ્રમંડળ વેઇટલિફ્ટિંગ સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓનું ભવ્ય પ્રદર્શન યથાવત્ છે. પુરુષોના ઓગણએંસી કિલો વજન વર્ગમાં અજયબાબુ વલ્લૂરીએ 335 કિલો વજન ઉંચકીને સુવર્ણ ચંદ્રક જીત્યો. આ સાથે તેઓ મલેશિયાના મોહમ્મદ એરી અને નાઇજિરિયાના અદેદાપો અદેલેકેને પાછળ મૂકીને તેઓ આવતા વર્ષના ગ્લાસ્ગૉ રાષ્ટ્રમંડળ રમત માટે ક્વાલિફાય છોડી થઈ ગયા છે.

જ્યારે મહિલાઓનાં ઓગણસિત્તેર કિલો વજન વર્ગની ફાઈનલમાં હરજિન્દર કૌરે 222 કિલો વજન ઉંચકી કાંસ્ય ચંદ્રક જીત્યો. 30-મી રાષ્ટ્રમંડળ વેઇટલિફ્ટિંગ સ્પર્ધામાં 31 દેશના 300થી વધુ ખેલાડી ભાગ લઈ રહ્યા છે.

---

# FILMFARE AWARD

રાજ્યમાં આ વખતે સતત બીજી વાર ફિલ્મફેર પુરસ્કાર સમારોહ યોજાશે. તેના આયોજન અંગે રાજ્યના પ્રવાસન વિભાગ અને ખાનગી કંપની વચ્ચે ગઈકાલે ગાંધીનગરમાં સમજૂતી કરાર કરાયા. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ફિલ્મ ઉદ્યોગ સ્વદેશી અને આત્મનિર્ભરતાને ઘણી સારી રીતે પ્રોત્સાહન આપી શકે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

ઉપરાંત ફિલ્મ નિર્માતા અને નિર્દેશક કરણ જોહરે ફિલ્મફેર પુરસ્કાર સાથેના પોતાના અનુભવ રજૂ કર્યા.

## (BYTE: KARAN JOHAR)

---